## યુરોપિયન ક્ષેત્રમાં આવેલા ફ્રેન્ચ એરપોર્ટ પરથી પસાર થતા ભારતીય નાગરિકો માટે વિઝા-મુક્ત ટ્રાન્ઝિટની સુવિધાનું અમલીકરણ

23 એપ્રિલ, 2026

યુરોપિયન ક્ષેત્રમાં આવેલા ફ્રેન્ચ એરપોર્ટ પરથી પસાર થતા ભારતીય નાગરિકો માટે વિઝા-મુક્ત ટ્રાન્ઝિટની સુવિધા હવે ફ્રાંસની સરકાર દ્વારા કાર્યરત કરવામાં આવી છે.

2. આ પગલું પ્રધાનમંત્રી મોદી અને રાષ્ટ્રપતિ મેક્રોન દ્વારા ફેબ્રુઆરી 2026 માં રાષ્ટ્રપતિની ભારત મુલાકાત દરમિયાન કરવામાં આવેલી જાહેરાતને અનુસરીને હાથ ધરવામાં આવ્યું છે.

3. ફ્રાન્સના યુરોપિયન ક્ષેત્રમાંથી ખાસ હવાઈ માર્ગે પસાર થતા ભારતીય નાગરિકોને હવે 10 એપ્રિલ, 2026 થી ટ્રાન્ઝિટ વિઝાની જરૂર રહેશે નહીં.

4. આ નિર્ણય ભારત અને ફ્રાન્સ વચ્ચેની વર્ષો જૂની ભાગીદારીનું પ્રતિબિંબ છે અને બંને દેશો વચ્ચે લોકોની અવરજવરને વધુ સુગમ બનાવીને લોકોથી લોકોના પરસ્પર સંબંધોને મજબૂત કરવા સહિત દ્વિપક્ષીય સંબંધોને સુદૃઢ બનાવવા માટે બંને નેતાઓની ઊંડી પ્રતિબદ્ધતા દર્શાવે છે.

નવી દિલ્લી

23 એપ્રિલ, 2026